# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*****************************************************

**1) દેશમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને કુદરતી ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ.**

**2) રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ વસતિ ગણતરીના પહેલા તબક્કા હેઠળ ચાલતી સ્વગણતરીમાં સહભાગી થયા.**

**3) ક્ષય રોગના દર્દીઓ સુધી સમયસર અને શ્રેષ્ઠ સારવાર પહોંચાડવાની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીની સૂચના.**

**4) રાજ્યમાં આગામી 24 કલાક બાદ ગરમીમાંથી રાહત મળવાની શક્યતા.**

**5) ફ્રાન્સમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધામાં મહેસાણાનાં ખેલાડી તસનીમ મીર સતત બીજી વખત વિજેતા બન્યાં.**

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOVT-WEST ASIA BRIEF

સરકારે જણાવ્યું દેશમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને કુદરતી ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. પશ્ચિમ એશિયામાં તાજેતરના સંઘર્ષ પર આજે નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું કોઈપણ એલપીજી વિતરક પાસે કોઈ અછત નથી.

જ્યારે રસાયણ અને ખાતર મંત્રાલયના સંયુક્ત સચિવ, અપર્ણા એસ શર્માએ કહ્યું, ખરીફ મોસમ માટે ખાતરની ઉપલબ્ધતા રાજ્યોમાં 50 ટકાથી વધુ છે. દેશભરમાં બે લાખ મેટ્રિક ટનથી વધુ ખાતર ઉપલબ્ધ છે.

# DWARKA PETROL APPEAL

દેવભૂમિદ્વારકા જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, ગેસ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લા કલેક્ટર શ્રી તન્નાએ આ અંગેની સ્પષ્ટતા કરતા નાગરિકોને ખોટી અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

(BYTE: RAJESH TANNA, COLLECTOR, DWARKA)

# DAMAN – CAR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આજે વહીવટી અધિકારીઓ કાર પુલિંગ એટલે કે એક જ વાહનનો ઉપયોગ કરીને એકસાથે સચિવાલય પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવવાની અપિલને વ્યાપક સમર્થન મળી રહ્યું છે ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ કાર પુલિંગ વધી રહ્યું છે. આ અંગે પ્રવાસન વિભાગના ડિરેક્ટર કમ જોઇન્ટ સેક્રેટરી શિવમ તેવટીયાએ વધુ માહિતી આપી.

( BYTE : SHIVAM TEVATIYA )

# CENSUS – GOVERNOR

રાજ્યભરમાં વસતિ ગણતરીના પહેલા તબક્કા હેઠળ લોકો સત્તાવાર પોર્ટલ પર સ્વ-ગણતરી પત્ર ભરી રહ્યા છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગરથી ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને સ્વવસ્તી ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી. આગામી 31 મે સુધી યોજાનારી આ પ્રક્રિયામાં સક્રીયપણે ભાગ લેવા અનુરોધ કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, દેશના ઇતિહાસમાં પ્રથમ વખત વસ્તી ગણતરી માટે શરૂ કરાયેલી સ્વ ગણતરી પદ્ધતિથી નાગરિકો પોર્ટલ અને મોબાઈલ દ્વારા સરળતાથી માહિતી આપી શકશે અને મળેલા સચોટ આંકડા ‘વિકસિત ભારત’ના નિર્માણ અને જનકલ્યાણની નીતિઓ ઘડવામાં સીમાચિન્હ સાબિત થશે.

આ ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, આગામી જૂન મહિનાથી રાજ્યભરમાં એક લાખથી વધુ વસ્તી ગણતરી કાર્યકર્તાઓ દ્વારા ઘરોની યાદીની ગણતરીનું કામ શરૂ કરાશે.

# CENSUS SELF ENUMERATION

વસતિ ગણતરીના પહેલા તબક્કા હેઠળ રાજ્યભરમાં હાલ લોકો સત્તાવાર પોર્ટલ SE.CENSUS.GOV.IN પર સ્વગણતરીનો વિકલ્પનો ઉપયોગ કરી જાતે પોતાની માહિતી ભરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરતથી જાતે તેમની વિગતો પોર્ટલ પર ભરી વસતિ ગણતરીની કામગીરીમાં સહભાગી થયાં. આઅંગે તેમણે પ્રતિક્રિયા આપી.

(BYTE : HARSH SANGHAVI, DY. CM)

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ ગાંધીનગરથી ઓનલાઈન પોર્ટલ પર પરિવારની વિગતો ભરી.

જ્યારે ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરે, પણ પોતાના પરિવારની વિગતો ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની શરૂઆત કરાવી. આ અંગે તેમણે કહ્યું કે, ઓનલાઇન નોંધણી પૂર્ણ થયા બાદ અરજદારોને મોબાઈલ પર એક વિશિષ્ટ આઈ.ડી. નંબર પ્રાપ્ત થશે, જેને સાચવી રાખવો જરૂરી રહેશે. બાદમાં વસ્તી ગણતરીની ટીમ ઘરે આવશે ત્યારે માત્ર આ આઈ.ડી. નંબર આપવાથી સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકશે.

ઉપરાંત છોટા ઉદેપુરના સાંસદ જશુ રાઠવાએ નાગરિકોને સમયસર સ્વગણતરી પૂર્ણ કરવા અને સાચી માહિતી આપવા અનુરોધ કર્યો.

(બાઇટ : જશુ રાઠવા, સાંસદ)

ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ સત્તાવાર પોર્ટલ પર સ્વયં માહિતી ભરી નાગરિકોને સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરી.

આ સાથે જ સુરેન્દ્રનગર અને પંચમહાલમાં પણ સબસે દૂર સબસે પહેલે સ્વ વસ્તી ગણતરી જન ભાગીદારી અભિયાનનો આજથી પ્રારંભ થયો.

# CM – SAMIKSHA BETHAK

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ક્ષયમુક્ત ભારત અભિયાનની સમીક્ષા કરી. ગાંધીનગરના લોકભવન ખાતે યોજાયેલી બેઠકમાં બંને મહાનુભાવોએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની કામગીરીની સમીક્ષા કરી. રાજ્યપાલશ્રીએ અધિકારીઓને ક્ષય નિયંત્રણની કામગીરીમાં સહેજ પણ કચાશ ન રાખવા અને લોકોમાં મહત્તમ જાગૃતિ ફેલાવવા તાકીદ કરી.

જ્યારે મુખ્યમંત્રીએ ક્ષયના પ્રત્યેક દર્દી સુધી સમયસર અને શ્રેષ્ઠ સારવાર પહોંચે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ક્ષયનું સંપૂર્ણ નિદાન અને સારવાર તમામ પેટાકેન્દ્ર અને સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે. ઉપરાંત 42 કિલોથી ઓછું વજન ધરાવતા પુખ્ત દર્દીઓ અને 14 વર્ષથી નાના બાળકોને છ મહિના સુધી 'રેડી ટુ ઇટ ન્યુટ્રીશન સ્નેક્સ' એટલે કે તૈયાર પૌષ્ટિક આહાર અપાશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# KALPSAR YOJANA CM SAMIKSHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલ્પસર અને ભાડભૂત યોજનાઓની સમીક્ષા કરી. તેમના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં શ્રી પટેલે યોજનાઓની વર્તમાન સ્થિતિ અને અહેવાલ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરી. દરમિયાન અધિકારીઓએ યોજનાની સ્થિતિ, અહેવાલ અને આગળના પગલાં અંગે મુખ્યમંત્રીને માહિતી આપી.

કલ્પસર યોજના સંબંધિત નેધરલૅન્ડમાં ભારત સરકાર દ્વારા કરાયેલા કરાર અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના તાજેતરના નેધરલેન્ડ્સ પ્રવાસ દરમિયાન કલ્પસર યોજના માટે ટૅક્નિકલ સહકાર અંગે નેધરલૅન્ડ સાથે આશયપત્ર પર હસ્તાક્ષર કરાયા હતા.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાક બાદ ગરમીમાંથી રાહત મળવાની સંભાવના છે. હવામાન વિભાગના પ્રદેશિક નિયામક ડો. એ કે દાસે કહ્યું આજે દિવસભર સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહી શકે છે. દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. જ્યારે ભુજ, અમરેલી, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહ્યાના અહેવાલ છે.

**(BYTE : DR A K DAS, IMD DIRECTOR)**

હવામાન વિભાગે લોકોને બપોરે 12થી ચાર વાગ્યા સુધી બિનજરૂરી બહાર ન જવા, બહાર જવાની ફરજ પડે તો માથું ઢાંકીને જવા, સતત પાણી પીતા રહેવા તેમજ હળવા રંગના કપડાં પહેરવાની અપીલ કરી છે.

# KANKARIYA ZOO

અમદાવાદમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રીને પાર પહોંચતાં કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને ગરમીથી બચાવવા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવનારા એક મુલાકાતીએ પ્રતિક્રિયા આપી.

(BYTE: VISITOR)

# MEHSANA PLAYER MEDAL

મહેસાણાનાં બેડમિન્ટન ખેલાડી તસનીમ મીર ઇન્ટરનેશનલ બેડમિન્ટન ચેલેન્જ ટૂર્નામેન્ટમાં બીજી વખત વિજેતા બન્યાં. ફ્રાન્સમાં સેન્ટ ડેનિસ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ફાઈનલ સુધી તેમની સફર ઘણી પડકારજનક રહી. તેમણે ચીન, મલેશિયા, કૉરિયા અને ચીની તાઈપેઈ જેવા બેડમિન્ટન ક્ષેત્રે મજબૂત ગણાતા દેશોના ખેલાડીઓને હરાવી આ સિદ્ધિ મેળવી છે. સતત બીજી વખત વિજેતા બનવા બદલ લોકોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

# AMD DHOLERA EXPRESS HIGHWAY

અમદાવાદથી ભાવનગર વચ્ચે દોડતી તમામ પ્રીમિયમ બસ હવે નવનિર્મિત 'અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ રાજમાર્ગ પરથી દોડશે. 'દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ રાજમાર્ગ પરથી પણ નવી વૉલ્વો સેવાનો પ્રારંભ કરાયો છે. આ નવી વ્યવસ્થા હેઠળ અમદાવાદ તેમજ ભાવનગર તરફથી દૈનિક ધોરણે સવારે પાંચ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી દર કલાકે સંચાલિત થતા કુલ 24 ફેરા ગાંધીનગરથી દીવ અને ગાંધીનગરથી મહુવા માર્ગના તમામ ફેરા પણ આ નવા ધોલેરા એક્સપ્રેસ રાજમાર્ગ પરથી દોડશે. આ નિર્ણયના કારણે અમદાવાદથી ભાવનગરનું ભાડું ઘટીને હવે 336 થશે.

આ ઉપરાંત આ નવા માર્ગના કારણે અમદાવાદના નહેરુનગરથી સુરતનું ભાડું 61 રૂપિયા ઘટાડીને 687 રૂપિયા કરાયું છે.

# PROFESSIONAL TOURIST GUIDE – TRAINING

પ્રવાસન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છતા નાગરિકો માટે રાજયમાં આગામી સમયમાં વ્યાવસાયિક પ્રવાસન માર્ગદર્શક તાલીમ યોજાશે. ઈચ્છુક લોકો પ્રવાસન નિગમની વેબસાઈટ GUJARATTOURISM.COM પર આગામી ૨૩ મે સુધી અરજી કરી શકશે. શહેરના ગાઈડ બનવા ધોરણ 12 પાસ ફરજિયાત જ્યારે સમગ્ર ગુજરાત માટે સ્નાતક અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ફરજીયાત હોવાનું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડની યાદીમાં જણાવાયું છે.